# સ્વપ્નદષ્ટા યોસેફ કેદીથી પ્રધાનમંત્રી

## ફાધર વર્ગીસ પોલ

હું રોજ બાઈબલ વાંચું છું. બાઈબલનો આખો ગ્રંથ એકથી વધારે વાર વાંચ્યો છે. એક વાર છ એક મહિનાની અંદર પૂરી બાઈબલની કેસેટ સાંભળી છે. છતાં રોજના બાઈબલ વાંચનમાં કોઈક પાઠ હું પ્રથમ વાર વાંચતો હોઉ એવી અનુભૂતિ થાય છે. તો ઘણીવાર વાંચેલો પાઠ ફરી વાર વાંચું છું ત્યારે અગાઉ કદી અનુભવી ન હોય એવી અનુભૂતિ થાય છે. અહીં મારે એક અનુભૂતિની વાત કરવી છે. યાકોબ ઉર્ફે ઇસ્રાયલ બાઈબલાં મહાન પાત્રોમાં એક છે. એને બાર દીકરા હતાઃ રૂબેન, શિમયોન, લેવી, યહૂદા, ઈસાખાર, ઝબૂલોન, યોસેફ બિન્યામીન, દાન, નફતાલી, ગાદ અને આશેર. તેઓ ઈસ્રાયલી પ્રજાના બાર કુળના વડવાઓ ગણાય છે.

ઈસ્રાયલને બીજાં બાળકો કરતાં યોસેફ ઉપર વધારે પ્રેમ હતો. કારણ, તે તેની પાછલી ઉંમરમાં જન્મ્યો હતો. તેણે તેની લાંબી બાંયનો ઢગલો કરાવી આપ્યો. પણ બધા કરતાં તેના ઉપર બાપને વધારે પ્રેમ છે એ જોઈને તેનો દ્વેષ કરવા લાગ્યો અને તેની સાથે સારી રીતે વાત પણ કરી શકતા નહોતા.

એવામાં યોસેફને એક સ્વપ્ન આવ્યું. એણે એ સ્વપ્નની વાત પોતાના ભાઈએને કરી. એટલે તેઓનો દ્વેષ ઊલટો વધ્યો. તેણે કહ્યું. “મને સ્વપ્ન આવ્યું હતું તે સાંભળો. આપણે ખેતરમાં પૂળા બાંધતા હતા. એવામાં મારો પૂળો ટટરા ઉભો રહ્યો અને તમારા પૂળાઓએ તેની આસપાસ ભેગા થઈ પૂળાને વંદન કર્યું.”

એક વખતની વાત છે. યોસેફના ભાઈઓ ઘેટાં ચરાવવા નીકળી પડયા હતા. યાકોબે તેને તેના ભાઈઓની ખબર કાઢવા મોકલ્યો. યોસેફના ભાઈઓએ તેને દૂરથી જોયો અને એ તેમની પાસે પહોંચે તે પહેલાં જ તેમણે તેને મારી નાંખવાનું કાવતું રચ્યું અને કહ્યુઃ “પછી આપણે જોઈશું કે એનાં સ્વપ્નોનું શું થાય છે!”

યોસેફ પાસે આવી પહોંચ્યો ત્યારે એના ભાઈઓએ પેલો લાંબી બાંયનો ડગલો ઉતરી લીધો અને યોસેફને લઊને કૂવામાં નાખી દીધો. એવામાં કેટલાક મિધ્યાની વેપારીઓ ત્યાં થઈને પસાર થયા. એટલે ભાઈઓએ યોસેફને કૂવામાંથી બહાર કાઢયો અને વીસ રૂપામહોરોના બદલામાં ઈશ્માએલીઓને વેચી દીધો. તેઓ તેને મિસર લઈ ગયા.

પછી તેમણે યોસેફનો ડગલો ફાડી નાંખ્યો અને બકરાના લોહીમાં બોળ્યો અને એક માણસ જોડે એ ડગલો પોતાના બાપને મોકલી આપ્યો. યાકોબે એ ડગલાને ઓળખ્યો અને કહ્યું. "આ મારા દીકરાનો ડગલો છે. કોઈ રાની પશુ તેને ખાઈ ગયું છે. યોસેફને જરૂર ફાડી ખાધો છે." પછી યાકોબે પોતાનાં કપડાં ફાડી નાંખ્યા અને શોકકંથા પહેલી લઈ ઘણા દિવસ સુધી પોતાના દીકરા માટે શોક પાળ્યો.

દરમિયાન મિધ્યાનીઓએ યોસેફને મિસરના રાજના એક અમલદાર, અંગરક્ષકોના નાયક પોટીફારને વેચી દીધો. યોસેફને ઈશ્વરનો સાથ હતો. એટલે તેને બધી બાબતોમાં સફળતા મળતી હતી. તે તેના મિસરી શેઠના ઘરમાં રહેતો હતો. પોટીદારે તેને ઘનો કારભારી બનાવ્યો અને પોતાની મિલકત તેને સોંપી.

યોસેફ ઘાટીલો અને રૂપાળો હતો. એક દિવસ તેના શેઠની વહુએ તેના ઉપર નજર કરી અને કહ્યું. "મારી સાથે સૂઈ જા" પણ યોસેફે ના પાડી અને કહ્યું. "જુઓ, શેઠે ઘરમાં સર્વ કાંઈ મારા હાથમાં સોંપી દીધું છે. તેમણે તમારા સિવાય કોઈ વસ્તુથી મને બાકાત રાખ્યો નથી. કારણ, તમે તેમનાં વહુ છો. તો પછી હું આવું દુષ્ટ કામ કરી ઈશ્વરનો ગુનેગાર શી રીતે થઈ શકું ? પરંતુ શેઠની વહુ રોજે રોજ યોસેફને દબાણ કર્યા કરતી હતી."

એક દિવસ યોસેફ કામદાર ઘરમાં ગયો ત્યારે એક પણ નોકર ત્યાં નહોતો. એટલે તે બાઈએ એનો ડગલો પકડીને કહ્યું. "મારી સાથે સૂઈ જા." પણ યોસેફ ડગલો તેના હાથમાં રહેવા દઈને ઘરની બહાર ભાગી ગયો.

તે બાઈએ ઘરના બધા નોકરોને બોલાવીને કહ્યું. "જુઓ, શેઠે એક હિબ્રુને આપણી આબરૂ લેવા ઘરમાં ઘાલ્યો છે. તે મારી સાથે સૂવા અંદર આવ્યો હતો પણ હું બૂમ પાડી ઊઠી. એટલે તે આ ડગલો મારી પાસે રહેવા દઈને ઘરની બહાર ભાગી ગયો."

પછી એણે પોતાના પતિ આગળ એણે યોસેફ પર એ જ આળ ચડાવ્યું. પોતિફારનો કોપ ભભૂકી ઊઠયો અને એણે યોસેફને પકડી કેદમાં પૂરી દીધો.

તે વખતે મિસરના રાજાના ભઠિયારો અને સાકી બેઉ કેદખાનમાં પડયા હતા. બેઉને સ્વપ્ન આવ્યું. બંનેનું સ્વપ્ન જુદું હતું. અને દરેકના સ્વપ્નનો અર્થ જુદો હતો. તેમણે યોસેફને પોતપોતાનાં સ્વપ્ન કહી સંભળાવ્યાં. મુખ્યા સાકીએ પોતાનું સ્વપ્ન યોસેફને જણાવતાં કહ્યું. "મારા સ્વપ્નમાં મેં મારી સામે દ્રાક્ષનો એક વેલો જોયો. એ વેલાને ત્રણ ડાળીઓ હતી. તેને કળીઓ બેઠી કે તરત જ ફૂલ ફૂટયાં અને ઝુમખેઝૂમખાં પાકી દ્રાક્ષ લાગી. મારા હાથમાં રાજાનો પ્યાલો હતો. મેં દ્રાક્ષ તોડીને પ્યાલામાં નિચોવી અને પ્યાલો રાજાના હાથમાં આપ્યો."

સ્વપ્નનો અર્થ કરતાં યોસેફ સાકીને કહ્યું, "ત્રણ ડાળીઓ એ ત્રણ દિવસ છે. દિવસમાં રાજા તેને મુક્ત કરશે અને તને તારી જગ્યાએ પાછો કાયમ કરશે. અને તું પહેલાંની જેમ રાજાના હાથમાં પ્યાલો આપતો થઈશ."

સાકીના સ્વપ્નનો અનુકૂળ અર્થ સાંભળીને ભઠિયારાએ યોસેફને પોતાનું સ્વપ્ન કહી સંભળાવ્યું, "મારા માથા ઉપર નેતરની ત્રણ છાબડીઓ હતી. ઉપરની છાબડીમાં રાજાને માટે દરેક જાતનાં પકવાન હતા. પણ પંખીઓ મારા ઉપરની છાબડીમાંથી તે ખાઈ જતા હતાં."

યોસેફ જવાબ આપ્યો. "એનો અર્થ આ પ્રમાણે છે." ત્રણ છાબડીઓ એ ત્રણ દિવસ છે. ત્રણ દિવસમાં રાજા તને છૂટો કરી દેશે. પણ ઝાડે લટકાવશે અને પંખીઓ તારું માંસ ફોલી ખાશે.

યોસેફ તેમના સ્વપ્નનો અર્થ કહ્યા મુજબ સાકી છુટી જઈને પાછો પાજાની ખિદમતમાં જોડાયો અને ભઠિયારાને ફાંસી થઈ.

સાકીના સ્વપ્નનો અર્થ કરતાં યોસેફે એને કહ્યું હતુઃ "તારા સુખના દહાડા આવે ત્યારે મને જરૂર સંભારજે. મારા ઉપર મહેરબાની રાખજે અન રાજાને રાજાને મારી વાત કરી મને આ કારાગારમાંથી છોડાવજે." છતાં સાકીએ યોસેફને યાદ ન કર્યો. તેને ભૂલી ગયો.

આ વાતને બે વર્ષ વીતી ગયાં. મિસરના રાજાને એક સ્વપ્ન આવ્યું. રાજાએ પોતાના રાજ્યના બધા જોશીઓને અને પંડિતોને તેડાવી મંગાવ્યા અને તેમને પોતાનું સ્વપ્ન કહી સંભળાવ્યું. પણ તેઓમાંથી કોઈ પણ એનો અર્થ કરી ન શક્યા.

ત્યારે રાજાના મુખ્ય સાકીને પોતાના સ્વપ્નનો સાચો અર્થ કહેનાર યોસેફની યાદ આવી અને તેણે ફારુન રાજાને કેદખાનામાં પડેલા ઇસ્રાયલી યુવાન યોસેફની વાત કરી.

ફારુને તરત જ યોસેફને બોલાવી મંગાવ્યો અને કહ્યું.  "મેં તારા વિશે એવું સાંભળ્યું છે કે, તને જો સ્વપ્ન કહેવામાં આવે તો તું તેનો રથ કરી શકે છે કે, તને જો સ્વપ્ન કહેવામાં આવે તો તું તેનો અર્થ કરી શકે છે."

યોસેફે ફારુનને જવાબ આપ્યો. "અર્થ કરનાર હું કોણ ? ઈશ્વર જ ફારુનનું જેમાં કલ્યાણ હોય એવો જવાબ આપશે."

રાજાએ યોસેફને પોતાનું સ્વપ્ન કહી સંભળાવ્યું, "હું નાઈલ નદીને કાંઠી ઊભો હતો અને સાત હ્યુષ્ટપુષ્ય અને રૂપાળી ગાયો નીકળી. એ સૂકલી અને બેડોળ ગાયો પહેલી સાત હૃષ્ટપુષ્ટ ગાયોને ગળી ગઈ. પછી હું જાગી

ગયો. ફરી મને સ્વપ્ન આવ્યું. મેં એક જ સાંઠા ઉપર ઊગેલાં સાત ભરેલાં અને સારા દાણાવાળાં ડૂંડાં જોયાં. તેમના પછી સાત ચિમળાઈ ગયેલાં. પાતળા અને લૂથી બળી ગયેલાં ડૂંડાં ફૂટી નીકળ્યાં અને એ પાતળાં ડૂંડાં પેલાં સાત સારાં ડૂંડાંને ગળી ગયાં."

યોસેફ રાજાને એમના સ્વપ્નનો અર્થ સમજાવતાં કહ્યું. "રાજાના બંને સ્વપ્નનો અર્થ એક જ છે. ઈશ્વરે તમને ભાવિનાં એંધાણ આપ્યાં છે. સાત સારી ગાયો અને સાત સારાં ડૂંડાં એ સાત સારાં વર્ષોની નિશાની છે. એટલે એમાં ઢોરો ચરીને તગડાં થશે ને ખેતરમાં પુષ્કળ પાક થશે. તેમના પછી જે સાત દૂબળી ને બેડોળ ગાયો તથા લૂથી બળી ગયેલાં સાત ખાલી ડૂંડાં એટલે સાત સારા વર્ષો પથી સાત દુકાળનાં વર્ષો આવશે. ઢોર તરસે મરી જશે ને પાણી વિના પાક ચિમળાઈ જશે. આમ, મિસરમાં આબાદીનાં સાત વર્ષો આવશે, પણ તે પછી સાત વર્ષ દુકાળના આવશે."

યોસેફે વધુમાં ફારુનને સલાહ આપી "આપ કોઈ બુદ્ધિશાળી અને ડાહ્યા માણસને પસંદ કરી તેના હાથમાં આખો મિસર દેશ સોંપો. આબાદીનાં સાત વરસ દરમિયાન મિસરમાંથી ફસલનો પાંચમો ભાગ વસૂલ કરી કોઠારોમાં દુકાળ માટે સંગ્રહ કરો."

રાજા ફારુન અને તેના બધા અમલદારોને યોસેફની સલાહ પસંદ પડી અને તેમણે યોસેફને જ આખો મિસર દેશ સંભળાવવાનું કામ સોંપ્યું. "તું જ મારો દેશ સંભાળી લે. મારી બધી પ્રજા તારી આજ્ઞા મનશે." રાજાએ કહ્યું. પછી યોસેફ આખા મિસર દેશમાં ફરવા નીકળ્યો.

આબાદીમાં સાત વર્ષો દરમિયાન મબલક પાક પાક્યો. યોસેફ બધું અનાજ એકઠું કરીને શહેરોના કોઠારોમાં તેનો સંગ્રહ કર્યો. પછી દુકાળના વર્ષો આવ્યાં ત્યારે બધા મિસરવાસીઓએ ફારુન આગળ પોકાર ઉઠાવ્યો. ફારુને તેમને કર્યું. "યોસેફ પાસે જાઓ અને તે કહે તેમ કરો." જ્યારે આખા દેશમાં દુકાળ વ્યાપી ગયો ત્યારે યોસેફે બધા ભંડારો ખોલી નાંખ્યા અને લોકોને અનાજ વેચવા માંડયું.

આખી દુનિયામાં કારમો દુકાળ પડયો હતો. એટલે બધા જ દેશના લોકો યોસેફ પાસે અનાજ ખરીદવ મિસર આવવા લાગ્યા.

જ્યારે યાકોબને ખબર પડી કે મિસરમાં અનાજ વેચાય છે ત્યારે યાકોબે પોતાના દીકરાઓને મિસરમાંથી અનાજ ખરીદી લાવવા માટે મોકલ્યા.

યોસેફે પોતાના ભાઈઓને જોતાંવેત ઓળખી લીધા, પણ તેઓને યોસેફની ઓળખાણ ન પડી. યોસેફે પોતાના ભાઈઓની સાથે સખતાઈથી વતીને તેમની કસોટી કરી. યોસેફે તેમને કહ્યું. "તમે જાસૂસો છો અને દેશનાં છિદ્રો જોવા આવ્યો છો."

યોસેફના ભાઈઓએ પોતે જાસૂસો હોવાનો ઈન્કાર કર્યો અને કહ્યું, "અમે બધા એક જ બાપના દીકરાઓ છીએ. અમે સાચા માણસો છીએ. અમે આપના સેવકો, બાર ભાઈઓ છીએ, સૌથી નાનો અમારા બાપ પાસે છે અને બીજો એકનો કંઈ પત્તો નથી."

એમની વાતની સચ્ચાઈ પુરવાર કરવા માટે એવું નક્કી કરવામાં આવ્યું કે, દસમાંનો એક, સિમયોન યોસેફ પાસે કેદમાં રહેશે ને બીજા બધા ભાઈઓ ભૂખે મરતા કુટુંબ માટે અનાજ લઈ જશે. પછી સૌથી નાના ભાઈને યોસેફ પાસે લઈ જવામાં આવે ત્યારે એમને ખાતરી થશે કે બધા ભાઈઓ જાસૂસો નથી પણ સાચા માણસો છે.

જયારે તેઓ કનાનમાં તેમના બાપ યાકોબ પાસે આવી પહોંચ્યા ત્યારે તેમણે જે જે બન્યું હતું તે બધું તેમને કહી સંભળાવ્યું.

પરંતુ ફરી વાર અનાજ માટે મિસર જવા માટે પોતાના દીકરાઓ સાથે સૌથી નાનો દીકરો બિન્યામીનને મોકલવા યાકોબ બિલકુલ તૈયાર નહોતા. છતાં નછૂટકે બિન્યામીનને મોકલવો પડયો.

યોસેફે બીજા બધા ભાઈઓ સાથે પોતાના નાના ભાઈ બિન્યામીનને જોયો તો ખુશ ખુશ થઈ ગયો અને કેદમાં રાખેલા મોટાભાઈ સિમયોન સાથે બધા ભાઈઓને પોતાને ઘરે લઈ જઈ જમાડ્યા અને તેમના ગધેડાને ચારો નીર્યો.

પછી ફરી એક વાર યોસેફ બધા ભાઈઓની કસોટી કરીને ખાતરી કરી કે તેઓ બધા એકબીજાની પડખે રહે છે. હવે યોસેફથી રહેવાયું નહીં. તે બોલ્યોઃ "હું તમારો ભાઈ યોસેફ છું, જેને તમે મિસર જતા લોકોને વેચી દીધો હતો. હવે મને અહીં વેચી દેવા માટે દુઃખી થશો નહિ તેમજ જીવ પણ બાળશો નહિ. કારણ, એ તો ઈશ્વરે જ તમારો જીવ ઉગારવા મને તમારા પહેલાં અહીં મોકલી આપ્યો હતો... એટલે મને અહીં મોકલનાર તમે નથી, ઈશ્વર છે. તમે ઝટ આપણા બાપ પાસે જાઓ અને તેમને મિસર તેડી લાવો. તમારે, તમારા દીકરાઓને, તમારા દીકરાના દીકરાઓને, તમારાં ઘેટાંબકરાં અને ઢોરઢાંખર અને બધી માલ મિલકત સાથે મારી નજીકમાંજ ગોશે ન પ્રાંતમાં રહેવાનું છે હજી પાંચ વર્ષ દુકાળનાં કાઢવાનાં છે તેમાં તમને, તમારા પરિવારને અને જે કોઈ તમારાં છે તેમને કશી આપદા ન પડે."

યોસેફ જીવતો છે એ સાંભળીને યાકોબના આનંદનો પાર ના રહ્યો. યાકોબના દાકરીઓ અને તેમનો આખો પરિવાર મિસરમાં જઈ ગોશેન પ્રાંતમાં વસ્યા. દુકાળ ચાલ્યો ત્યાં લગી યોસેફે પોતાના ભાઈઓની સંભાળ લીધી.

યોસેફનું પાત્ર બાઈબલમાં ઘણી બધી રીતે અજોડ છે. અનન્ય છે. યોસેફને એના કોઈ ગુના વિના એના ભાઈઓએ પરદેશના લોકોને વેચી નાખ્યો. નિર્દોષ યોસેફ પર પોતાના શેઠની પત્ની પર બળાત્કાર કરવાનો આરોપ મૂકવામાં આવ્યો. લાંબા જેલવાસનો ભોગ બન્યો. છતાં તક મળે ત્યારે બદલો વાળવાને બદલે યોસેફ પોતાના ભાઈઓને પ્રેમથી આવકારે છે. એમની કટોકટીભરી પરિસ્થિતિમાં એમને અભયદાન આપે છે, એમની વહારે થાય છે.

જ્યારે જ્યારે અને માનવ વચ્ચે સઘળાં વેરઝેર ટળે છે. દુશ્મનાવટ શમે છે. ધિક્કારમાં ઉગામેલા હાથ મૈત્રીના બંધનમાં બંધાઈ જાય છે. શાણપણ કુસંપને દૂર કરે છે. કરુણતા ધિક્કારને ઠારી નાખે છે, ક્ષમા વેર પર જીત મેળવે છે અને સૌ રાષ્ટ્રો સાથે શાંતિની ખોજમાં નીકળી પડે છે ત્યારે આપણને ઈશ્વરની એ હાજરી અને એ ક્રિયાશીલતાની અનુભૂતિ થાય છે. મને પણ યોસેફની જેમ વર્તવાની પ્રેરણા અને ધગશ મળે છે.